આસામમાં ફરી સાંપ્રદાયિક હિંસા ભડકી

ગુવાહાટી, તા.૩

આસામમાં ૧૦ દિવસ સુધી શાંતિ રહ્યા બાદ ફરી એકવાર મોટાપાયે સાંપ્રદાયિક હિંસા ભડકી ઉઠી છે. આ હિંસામાં વધુ પાંચના મોત થયા છે. આની સાથે જ મોતનો આંકડો વધીને ૬૧ ઉપર પહોંચી ગયો છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે ચિરાંગ જિલ્લામાં ગોળીઓના ઘા સાથેના વધુ ત્રણ મૃતદેહ મળી આવ્યા છે. જ્યારે હિંસાગ્રસ્ત કોકરાઝાર જિલ્લામાંથી વધુ બેના મૃતદેહ મળી આવ્યા છે. એક વ્યક્તી હજુ પણ લાપતા હોવાનું જાણવા મળી રહ્યું છે.

ચિરાંગના પોલીસ અધીકારી સંજીવ કૃષ્ણાએ કહ્યું છે કે ગઇકાલે બપોરે ચિરાંગ જિલ્લાના કવાતીકા ગામમાં વિસ્થાપિત લોકો માટે તૈયાર

કરવામાં આવેલા કેમ્પમાંથી પિતા અને બે પુત્રો જતા રહ્યા હતા. આજે તેમના મૃતદેહ મળી આવ્યા હતા. કોઇને પણ જાણ કર્યા વગર આ લોકો કેમ્પમાંથી નિકળી ગયા હતા. કોઇપણ સુરક્ષા વગર આ લોકો નિકળી ગયા બાદ તેમની હત્યા થઇ ગઇ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે કહ્યું છે કે ચિરાંગ જિલ્લામાં બોરલાંગશુ ગામમાં તમામ ત્રણેયના મૃતદેહ મળી આવ્યા છે. ત્રણના મૃતદેહ મળી આવ્યા બાદ ચિરાંગ જિલ્લામાં ફરી એકવાર સ્થિતી તંગદીલી પુર્ણ બની ગઇ છે. આ ત્રણ લોકોના મોતને લઇને લઘુમતિ સમુદાય સાથે સંકળાયેલા લોકો વિરોધ કરવા મેદાનમાં આવી ગયા છે. જેથી વહિવટી તંત્ર સામે પણ કાયદો અને વ્યવસ્થાની સ્થિતીને જાળવી રાખવા માટે મોટો પડકાર ઉભો થઇ ગયો છે. ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ, બોડોલેન્ડ એરિયા ડિસ્ટ્રીક્ટ એસએન સિંહે કહ્યું છે કે કોકરાઝારમાંથી વધુ બેના મૃતદેહ મળી આવ્યા છે. એક વ્યક્તી હજુ પણ લાપતા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં વધારાના પોલીસ અને અર્ધ લશ્કરી દળના જવાનો તાત્કાલીક ધોરણે મોકલી દેવામાં આવ્યા છે. આ તમામ વિસ્તારોમાં જુલાઇ મહિનામાં બોડો

અને મુસ્લિમ સમુદાય વચ્ચે વ્યાપક હિંસા ભડકી ઉઠ્યા બાદ મોટી સંખ્યામાં સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા હતા. આસામમાં હાલમાં સાંપ્રદાયિક હિંસાના કારણે સંપત્તીને વ્યાપક નુકશાન થયું હતું. કોકરાઝાર અને ચિરાંગ જિલ્લામાં રાત્રી સંચારબંધી હજુ પણ યથાવત રીતે અમલી છે.

બોડોલેન્ડ પ્રાદેશિક સ્વાયત જિલ્લાઓમાં સ્થિતી બેકાબુ બની ગઇ હતી. વડાપ્રધાન મનમોહનસિંહ અને અનેક કેન્દ્રિય મંત્રીઓએ આસામમાં કોમી હિંસા ભડકી ઉઠ્યા બાદ જુદા જુદા વિસ્તારોની મુલાકાત લીધી હતી. પેકેજની પણ જાહેરાત કરવામાં આવી હતી. વડાપ્રધાને આસામમાં સાંપ્રદાયિક હિંસાને એક કલંક તરીકે ગણાવીને આની વ્યાપક ટીકા કરી હતી. બીજી બાજુ સ્થિતી વણસી જતા આસામના ઘણા જિલ્લાઓમાં અને ખાસ કરીને કોકરાઝાર અને ચિરાંગમાં ભુતપુર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. સ્થિતીની કાબુમાં લેવા દેખો ત્યાંથી ઠાર કરોનો આદેશ પણ જારી કરાયા હતા. સેનાને પણ બોલાવી લેવામાં આવી હતી. છેલ્લા ૧૦ દિવસથી આસામમાં સંપૂર્ણ શાંતિ દેખાઇ રહી હતી અને જનજીવન ફરી એકવાર સામાન્ય બની રહ્યું હતું ત્યારે આજે ફરી એકવાર હિંસા ભડકી ઉઠી છે. આસામમાં હિંસાના કારણે ત્રણ લાખથી વધુ લોકોને અસર થઇ હતી. મોટી સંખ્યામાં લોકો હજુ પણ સેકડો રાહત કેમ્પમાં આશ્રય લઇ રહ્યા છે. આશ્રય કેમ્પમાંથી જતા રહેલા ત્રણ લોકોના હત્યા કરેલા મૃતદેહ મળી આવ્યા બાદ સાવચેતીના પગલા લેવાઇ રહ્યા છે કારણ કે ફરી એકવાર હિંસા ભડકી ઉઠવાની દહેશત ઉભી થઇ ગઇ છે.

ટીમ અણ્ણા ગુજરાતમાં મેદાને ઉતરશે કે કેમ તે અંગે ચર્ચાઓ

નવી દિલ્હી, તા.૫

ટીમ અણ્ણા ગુજરાતમાં ચુંટણી લડશે કે કેમ તે અંગે ટુંકમાં નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા દેખાઇ રહી છે. ભાજપ શાસિત ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં આ વર્ષમાં જ વિધાનસભા ચુંટણી યોજાનાર છે. વર્ષ ૨૦૧૪ની લોકસભાની ચુંટણીમાં મેદાનમાં ઉતરવાની ટીમ અણ્ણા દ્વારા ઇચ્છા વ્યક્ત કરવામાં આવી ચુકી છે. પરંતુ ટીમ અણ્ણાએ હજુ સુધી આ વર્ષના અંતમાં

યોજાનારી વિધાનસભાની ચુંટણીમાં મેદાનમાં ઉતરશે કે કેમ તે અંગે હજુ સુધી કોઇ વાત કરી નથી. ટીમ અણ્ણાના સભ્યો ટુંકમાં જ જાહેરાત કરી શકે છે. છેલ્લા ૧૬ મહિનાથી લોકપાલના મુદ્દે યુપીએ સરકારને ટાર્ગેટ બનાવી રહેલા અણ્ણા હજારે અને તેમની ટીમે ગુજરાતમાં ચુંટણી લડવા અંગે હજુ સુધી કોઇ વાત કરી નથી. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં ભાજપ સરકારને તેઓ ટાર્ગેટ બનાવશે કે કેમ તે અંગે હજુ સુધી કોઇ નિર્ણય કરવામાં આવ્યો નથી. આગામી વર્ષની શરૂઆતમાં કર્ણાટકમાં પણ વિધાનસભાની ચુંટણી યોજનારા છે. ટીમ અણ્ણા હાલમાં રાજકીય વિકલ્પની વાત કરી રહ્યા છે. ટીમ અણ્ણા દ્વારા વારંવાર અનશન કરીને યુપીએ સરકાર ઉપર દબાણ વધારવામાં આવ્યું છે. ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીમાં ટીમ અણ્ણા મેદાનમાં ઉતરશે કે કેમ તેને લઇને તાજેતરમાં ચર્ચા ચાલી રહી છે ત્યારે ટીમ અણ્ણાના સભ્યોએ કોઇપણ પ્રતિક્રિયા આપી નથી. ટીમ અણ્ણાના જાણીતા સભ્યો સંતોષ હેગડે અને અન્યોએ પણ હજુ સુધી કોઇપણ વાત કરી નથી.

દુષ્કાળની વિકટ સ્થિતી ઉપર ચર્ચા કરવા બુધવારે EGOMની બેઠક

નવી દિલ્હી, તા. ૫

કેન્દ્રિય કૃષિ પ્રધાન શરદ પવારના નેતૃત્વમાં બુધવારે એમ્પાવર્ડ ગ્રુપ ઓફ મિનિસ્ટર્સની અતિ મહત્વપૂર્ણ બેઠક યોજાનાર છે. જેમાં પરિસ્થિતી પર ચર્ચા વિચારણા કરવામાં આવશે. ઓછા મોનસુની વરસાદની પ્રતિકુળ અસરની બેઠકમાં ઉંડી સમીક્ષા કરવામાં આવશે. બેઠકમાં ગુજરાત સહિતના રાજ્યો માટે નવા પગલાની જાહેરાત કરવામાં આવે તેવી પણ શક્યતા છે. ગુજરાત સહિત દેશના અનેક રાજ્યોમાં હાલ દુષ્કાળ જેવી પરિસ્થિતી પ્રવર્તી રહી છે. આવી સ્થિતીમાં આ બેઠકને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. શરદ પવારે હાલમાં કેન્દ્રિય ગ્રામીણ વિકાસ પ્રધાન જયરામ રમેશની સાથે ચાર રાજ્યોની મુલાકાત લીધી હતી. જેમાં ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર અને રાજસ્થાનનો

સમાવેશ થાય છે. આ તમામ રાજ્યોમાં દુષ્કાળ જેવી સ્થિતી રહેલી છે. દુષ્કાળ જેવી સ્થિતીના કારણે ખરીફ પાક, ઘાસચારા અને પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાઇ ગઇ છે. મહારાષ્ટ્રના આંતરિક વિસ્તારોની મુલાકાતે છે. ખાસ કરીને તેઓ સોલાપુર, સતારા અને પુણેની મુલાકાત લઇ રહ્યા છે. ઓચા વરસાદના કારણે શુ અસર થઇ તેની સમીક્ષા કરવામાં આવી રહી છે. ઇજીઓએમની બેઠક બાદ પવાર પંજાબ અને હરિયાણાની મુલાકાત લેવાની યોજના ધરાવે છે. ઇજીઓએમની આ બીજી મિટિંગ હશે. ૩૧મી જુલાઇના દિવસે પ્રથમ બેઠક યોજાઇ હતી. પેનલે દુષ્કાળ જેવી સ્થિતીની સામનો કરી રહેલા રાજ્યો માટે ૨૦૦૦ કરોડના રાહત પેકેજ સહિત શ્રેણીબદ્ધ પગલા જાહેર કર્યા હતા. ઉભા ખરીફ પાકને બચાવવા માટે ૫૦ ટકા ડિઝલ સબસીડી પણ ખેડૂતોને આપવામાં આવી હતી. જુદા જુદા ખરીફ પાકના બિયા ઉપર સબસીડીની વધારવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો હતો. સાથે સાથે આજીવિકા માટે ઘાસચારાને પ્રોત્સાહન આપવા ઓઇલ કેક ઉપર આયાત ડ્યુટીને દુર કરી દીધી હતી. હવામાન વિભાગે પણ સંકેત આપી દીધો છે કે આ વર્ષે દુષ્કાળ જેવી સ્થિતી સર્જાઇ શકે છે. કારણ કે મોનસુની વરસાદ ૯૦ ટકાથી ઓછો રહેવાની શક્યતા છે.

વેબસાઈટ મારફતે દરરોજ ૪.૫ લાખ રેલવે ટિકિટ બુક

મુંબઈ, તા.૫

ઇન્ડિયન રેલવે કેટેરિંગ એન્ડ ટ્યુરિઝમ કોર્પોરેશન (આઈઆરસીટીસી)ની ઈટિકિટીંગની સુવિધા અસરકારક સાબિત થઈ નથી. માંગ મુજબ આ સુવિધા આગળ વધી શકી નથી. આશરે ૩૫ લાખ ઈટિકિટ રેલવે બુકિંગ જુનમાં ફેલ થતા સામાન્ય લોકોમાં નવા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. રેલવે ટિકિટ ઓનલાઈન બુક કરાવવાના જોરદાર ઘસારાના પરિણામ સ્વરૂપે જુન ૨૦૧૨માં આશરે ૩૫ લાખ ટ્રાન્જિકશન નિષ્ફળ ગયા છે. આ ઉપરાંત ૩૭ લાખ પ્રયાસો મે ૨૦૧૨મા કરવામાં આવ્યા હતા. આઈઆરસીટીસીના જણાવ્યા મુજબ તેની વેબસાઈટ મારફતે દરરોજ ૪.૫ લાખ બુકિંગ કરવામાં આવે છે. મે અને જુન મહિનામાં એકંદરે ફેલિયોરનો રેટ ૭૨ ટકા અને ૭૫ ટકા રહ્યો છે. નેટ બેંકિંગ



અને ડેબિટ કાર્ડ ટ્રાન્જિક્સનનો રેટ સૌથી ખરાબ રહ્યો છે. આમા સફળતાનો રેટ મે ૨૦૧૨માં ૬૬ ટકા અને જુન ૨૦૧૨માં ૭૧ ટકાનો રહ્યો છે. સમસ્યાની કબૂલાત કરતા રેલવેના વરિષ્ઠ અધિકારીએ કહ્યુ છે કે આ આંકડો ચિંતાજનક સફળતાનો રેટ રજુ કરે છે. જો રેલવે બોર્ડ ઝડપથી કામ કરશે નહીં તો ફેલિયોરનો રેટ વધશે કારણ કે હવે રેલવે યાત્રીઓમાં ઈટિકિટિંગની સુવિધાનો ક્રેઝ વધી રહ્યો છે. આઈઆરસીટીસી માટેના પ્રવકતા પ્રદિપ કુન્દુએ માહિતી આપતા કહ્યું છે કે આમા ઘણી બધી સમસ્યાઓ રહેલી છે. કેસ કાર્ડ મારફતે ટ્રાન્જિક્શન પ્રયાસ કરવામાં આવે ત્યારે સફળતાનો રેટ વધુ સારો રહેલો છે. જાણકાર લોકોનું કહેવું છે કે ખામીઓમાં તરત સુધારા કરવાની જરૂર છે.

ઉત્તરાખંડમાં રાહત કાર્ય હજુ જારી : શ્રદ્ધાળુને સહાય મળી

દહેરાદુન, તા.૫

ઉત્તરાખંડમાં વાદળ ફાટવા અને નવેસરથી પુરના કારણે મોતનો આંકડો આજે વધીને ૩૪ ઉપર પહોંચ્યો હતો. ઉત્તરકાશી જિલ્લામાં ૧૦થી વધુ લોકો હજુ પણ લાપતા બનેલા છે. આઇટીબીપી અને

પોલીસ કર્મચારીઓ તારાજીગ્રસ્ત ઉત્તરાખંડમાં વધુ મૃતદેહોની શોધખોળમાં વ્યસ્ત છે. ભારે વરસાદ અને પુરના કારણે વ્યપાક નુકશાન ઉત્તરાખંડમાં થયું છે. સંપત્તીને પણ ભારે નુકશાન થયું છે. જિલ્લા મેજીસ્ટ્રેટ આર રાજેશકુમારે કહ્યું છે કે ભારે વરસાદ બાદ અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી ચાલુ રહી છે. છેલ્લા ત્રણ દિવસથી ભારે વરસાદ, ભેખડો ધસી પડવા અને નવેસરના પુરના કારણે ચાર ધામની યાત્રામાં હજારો શ્રદ્ધાળુઓ અટવાઇ પડ્યા છે. રાજ્યમાં હાઇ એલર્ટની જાહેરાત કરવામાં આવી ચુકી છે. સરકારે અસરગ્રસ્ત લોકોને ફુડ પેકેટ પણ મોકલ્યા છે. ભારે વરસાદ બાદ જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઇ ગયું છે. પરંતુ હવે સ્થિતીમાં સુધારો થઇ રહ્યો છે. ઉત્તરાખંડના ઉત્તરકાશીના સંગમચકતીમાં વાદળ ફાટવાની ઘટના બની હતી. મૃત્યુ પામેલાઓમાં ફાયર સર્વિસના ત્રણ જવાન પણ સામેલ છે. ઉત્તરકાશીમાં અસ્સીગંગા અને ભાગીરથી નદીમાં પાણીની સપાટી હજુ પણ ભયજનક સ્તર ઉપર છે. ગંગોત્રી હાઇવે પર ગંગોરી પુલ તુટી જવાથી સ્થિતી વિકટ બની ગઇ છે. સ્થિતીની હળવી કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. પાતાળ ગંગા નજીક ભેખડો ધસી પડતા હજારો લોકો ફસાઇ ગયા છે. ફસાયેલા શ્રદ્ધાળુઓને સુવિધા આપવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ઉત્તરકાશીમાં વિજળી પુરવઠો પુનઃ સ્થાપીત કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. ટેલીફોન લાઇનોને પણ વ્યવસ્થીત કરવાની કામગીરી ચાલી રહી છે. ભારે વરસાદના લીધે ચારધામની યાત્રા સાવચેતીના પગલારૂપે રોકી દેવામાં આવી છે. હજારો શ્રદ્ધાળુઓ જુદી જુદી જગ્યાઓ ઉપર અટવાઇ ગયા છે. ગઢવાલ પ્રદેશમાં ભારે વરસાદના કારણે સરકારે હાઇ એલર્ટની જાહેરાત કરી દીધી છે. ભારે વરસાદના લીધે બદરીનાથ તરફ જતા રાજમાર્ગને હજુ બંધ રાખવાની ફરજ પડી છે. નવેસરથી ભેખડો ધસી પડવાના કારણે સેંકડો બદરીનાથના શ્રદ્ધાળુઓ પાતાલગંગા, લંબાગર અને બિરાહી ધાર્મિક સ્થળો ઉપર અટવાઇ ગયા છે. અટવાયેલા શ્રદ્ધાળુઓને તકલીફ ન પડે તેવા પ્રયાસો પણ હાથ ધરાયા છે. મુખ્યમંત્રી વિજય બહુગુણા પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. ઉત્તરાખંડમાં સ્થિતીની સામાન્ય બનાવવા યુદ્ધના ધોરણે પગલા લેવામાં આવી રહ્યા છે. ઉત્તરકાશી અને ચમોલી જિલ્લામાં જુદા જુદા વિસ્તારોમાં ૨૫૦ પરિવારોને સુરક્ષીત સ્થળોએ લઇ જવાયા છે.

મોનસુન સત્ર તોફાની બનવાના સ્પષ્ટ સંકેત : ઘણાં મુદ્દા છવાશે

નવી દિલ્હી, તા.૫

સંસદનું મોનસુન સત્ર બુધવારથી શરૂ થઇ રહ્યું છે. મોનસુન સત્રમાં અનેક મુદ્દા છવાઇ જાય તેવી શક્યતા છે. મોનસુન સત્રમાં ભાજપના નેતૃત્વમાં એનડીએ અનેક મુદ્દાઓને લઇને યુપીએ સરકારને ભીસમાં લેવાના પ્રયાસ કરશે. સરકાર સામે અનેક એવા મુદ્દા છે જેના કારણે સરકારને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે. મનમોહનસિંહના નેતૃત્વમાં યુપીએ સરકારને પડકારરૂપી સ્થિતીનો સામનો કરવો પડશે. મોનસુન સત્રમાં જીવન જરૂરી ચીજવસ્તુઓના રેકોર્ડ ગતિ વધી રહેલા ભાવ, અર્થતંત્રમાં ધીમી ગતી અને અન્ય પાસાઓ ઉપર ચર્ચા થશે. આસામમાં હાલમાં થયેલી સાંપ્રદાયીક હિંસાના મુદ્દા પણ છવાઇ જાય તેવી શક્યતા છે. એક મહિના સુધી ચાલનાર સત્રમાં ગૃહ પ્રધાન સુશીલકુમાર શિન્દેની પણ કસોટી થશે. શિન્દેને લોકસભાના નેતા તરીકે બનાવવામાં આવ્યા છે. પ્રણવ મખર્જી આઠ વર્ષથી સરકારના ટ્રબલ શુટર તરીકે હતા. આસામમાં સાંપ્રદાયિક હિંસાના મામલે કોંગ્રેસ અને વિરોધ પક્ષો વચ્ચે આક્ષેપ પ્રતિ આક્ષેપનો દોર ચાલે તેવી શક્યતા છે. વિરોધ પક્ષ આ વખતે અમરનાથ યાત્રા દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના મોતનો મુદ્દો ઉઠાવે તેવી શક્યતા છે. તમિલનાડુ એક્સપ્રેસને આવરી લેતી ટ્રેન દુર્ઘટના સહિત શ્રેણીબદ્ધ ટ્રેન દુર્ઘટનાઓનો મામલો પણ ચર્ચા જગાવે તેવી શક્યતા છે. પુણેમાં સિરિયલ બ્લાસ્ટ, ઉત્તરમાં પારવ ગ્રીડ કોલેપ્સ થવાની બાબત પણ હોબાળો મચાવી શકે છે. દેશના મોટાભાગના રાજ્યોમાં હાલ મોનસુનની પણ તકલીફ ઉભી થઇ ગઇ છે. જેથી ઘણા રાજ્યોમાં દુષ્કાળ જેવી સ્થિતી ઉભી થઇ ગઇ છે. આવી સ્થિતીમાં નવી પહેલ કરવામાં આવે તેવુ પણ માનવામાં આવે છે. મોનસુન સત્રમાં દુષ્કાળની સ્થિતી ઉપર ચર્ચા થાય તેવી શક્યતા છે. ખેડૂતો માટે વધુ સારા પગલા, રાષ્ટ્રીય જળ નીતીની માંગ પણ ઉભી થાય તેવી શક્યતા છે. ડાબેરી પક્ષો મોનસુન સત્ર દરમિયાન ફુડ સિક્યુરીટી બીલને ઉઠાવી સરકારની તકલીફ વધારે તેવી શક્યતા છે. છત્તીસગઢમાં આદીવાસીઓની હત્યા અને માનેસરમાં મારૂતી પ્લાન્ટમાં હિંસાના મામલા પણ ચમકે તેવી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે વિકાસના મામલે પણ હાલમાં સ્થિતી ચિંતાજનક બની છે. વૈશ્વીક બજારોમાં અનિશ્ચિતતાના લીધે મંદી પ્રવર્તી રહી છે. વિકાસની ધીમી ગતીની આગાહી કરવામાં આવ્યા બાદ મુડીરોકાણ ઉપર પણ તેની માઠી અસર થઇ છે. અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવાની જરૂરીયાત હોવાની વાત થઇ રહી છે.

વીજ કટોકટી ઉપર આજે મોઇલી સાથે આઠ રાજ્યોની મંત્રણા

નવી દિલ્હી, તા.૫

કેન્દ્રિય વીજળી પ્રધાન વિરપ્પા મોઇલી આવતીકાલે સોમવારે આઠ ઉત્તરીય રાજ્યો સાથે વાતચીત કરનાર છે. જેમાં હાલમાં ઉભી થયેલી વીજળીની કટોકટી ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. ઇલેક્ટ્રીસીટી ટ્રાન્સમીશન અને ફાળવણીના મામલા ઉપર પણ ચર્ચા વિચારણા થશે. મોઇલીએ ગયા સપ્તાહમાં પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર, રાજસ્થાન અને દિલ્હીના મુખ્યમંત્રીઓ સાથે મિટિંગ યોજી હતી. ગયા મંગળવારના દિવસે હજુ સુધીની સૌથી ગંભીર વીજળી કટોકટી પૈકીની એક દેશમાં ઉભી થઇ ગયા બાદ આ મિટિંગ યોજાઇ હતી. આ વીજ કટોકટીના કારણે ૬૦ કરોડ લોકોને માઠી અસર થઇ હતી. ઉર્જા મંત્રાલયમાં એક અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે કેટલાક રાજ્યોએ આ મિટિંગમાં ભાગ લેવા તૈયારી બતાવી દીધી છે. પરંતુ કેટલાક રાજ્યો તરફથી હજુ સુધી મિટિંગમાં ભાગ લેશે કે કેમ તે

અંગે માહિતી આપવામાં આવી નથી. પરંતુ આ મિટિંગને ખુબ જ મહત્વપુર્ણ ગણવામાં આવે છે. ફરી આવી જ વીજળી કટોકટી ઉભી ન થાય તેની ખાતરી કરવા આ મિટિંગમાં નવી વ્યુહ રચના ઉપર ચર્ચા થશે. જે રાજ્યોને ગયા મંગળવારના દિવસે માઠી અસર થઇ હતી. તેમાં દિલ્હી, ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ, બિહાર, ઝારખંડ, ઓરિસ્સા, શિક્કીમ, મેઘાલય, મણિપુર, આસામનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કેન્દ્ર શાસીત પ્રદેશ ચંદીગઢનો પણ સમાવેશ થાય છે. નોર્થર્ન, ઈસ્ટર્ન, અને નોર્થ ઈસ્ટર્ન ગ્રીડ કોલેપ્સ થઈ જવાના કારણે ૨૧ રાજ્યોમાં વીજળીની કટોકટી ઉભી થઈ હતી. કેન્દ્રિય ઈલેક્ટ્રીસીટી ઓથોરીટીના ચેરમેન એએસ બક્ષીના નેતૃત્વમાં ત્રણ સભ્યોની પેનલની રચના કરવામાં આવી હતી. જે આ ત્રીપલ ગ્રીડમાં તપાસ કરવામાં છે. આ કમીટી એક પખવાડીયાની અંદર તેનો અહેવાલ આપશે. ત્યારબાદ ભાવી પગલા લેવામાં આવશે. વીજળી મંત્રાલય દ્વારા તાત્કાલીક ધોરણે ત્રણ સભ્યોની પેનલની રચના કરવામાં આવી હતી. સોમવારના દિવસે ફેલિયોર બાદ સામાન્ય સ્થિતી સ્થાપિત થાય તેના ૨૪ કલાકથી પણ ઓછા સમયની અંદેર ત્રણ ગ્રીડ કોલેપ્સ થતાં ભારે કટોકટી ઉભી થઈ હતી.

એરલાઇનના કર્મચારીએ આત્મહત્યા કરતા ચકચાર

નવી દિલ્હી, તા.૩

એમડીએલઆર એરલાઇનની એક પુર્વ કર્મચારીએ આજે પોતાના ઉત્તર-પશ્ચિમ દિલ્હી સ્થિત આવાસ પર આત્મહત્યા કરી લેતા સનસનાટી મચી ગઇ છે. આ આત્મહત્યાના મામલામાં હરિયાણાના એક મંત્રી ફસાઇ ગયા છે. પોલીસે આ મામલામાં હરિયાણા મંત્રી સામે કેસ દાખલ કર્યો છે. તેમના પર આ કર્મચારીને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આક્ષેપ મુકવામાં આવ્યો છે. પોલીસે એરલાઇનના માલિક અને હરિયાણા સરકારમાં ગૃહરાજ્ય મંત્રી ગોપાલ કાંડા અને તેમના અધિકારી અરૂણા શર્મા પર આત્મહત્યા કરવા ઉશ્કેરવાનો આક્ષેપ મુકવામાં આવ્યો છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે આત્મહત્યા કરનાર ગિતીકા શર્માએ હાલમાં જ નોકરી છોડી દીધી હતી.

હિરોસીમા પર પરમાણુ બોમ્બ ઝીંકવાની આજે ૬૭મી વરષી

હિરોસીમા, તા.૫

જાપાનના શહેર હિરોસીમા પર આવતીકાલે પરમાણુ બોમ્બ ઝીંકવાના કારણે થયેલા અભૂતપૂર્વ નુકશાનની ૬૭મી વર્ષીના દિવસે માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપવા અને તેમને યાદ કરવા માટે વિશેષ શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન જાપાનમાં કરવામાં આવી રહ્યું છે. આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં પરમાણુ બોમ્બની વિનાશકતાની યાદ તાજી કરવામાં આવશે. સાથે સાથે આવા વિનાશક હથિયારો અંગે વિશ્વને જાગૃત કરવામાં આવશે.

દેશમાં પરમાણુ ટેકનોલોજીથી ડિઝાસ્ટર સામે જાપાન હજુ પણ લડી રહ્યું છે. થોડાક વર્ષો પહેલાં જાપાનમાં વિનાશકારી ભૂકંપ બાદ સુનામી ત્રાટકતાં પરમાણુ કટોકટી પણ ઊભી થઈ હતું. ફુકુસીમા પ્લાન્ટને ભારે નુકશાન થયું હતું. આવતીકાલે સવારે સ્થાનિક સમય મુજબ ૮.૧૫ વાગે સ્મારક ખાતે વિશ્વમાં પ્રથમ બોમ્બ જ્યાં ઝીંકવામાં આવ્યો હતો ત્યાં મોન પાળવામાં આવશે. આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ભેગા થશે. બીજા વિશ્વયુદ્ધના અંતિમ તબક્કા વેળા અમેરિકા દ્વારા છઠ્ઠી ઓગસ્ટ ૧૯૪૫ના દિવસે અહીં પરમાણુ બોમ્બ ઝીંકવામાં આવ્યો હતો. આ પરમાણુ બોમ્બ ઝીંકાતા મોટા ભાગનું શહેર કાટમાળમાં ફેરવાઈ જતાં ૧૪૦૩૦૦ લોકોના મોત થયા હતા. ૯મી ઓગસ્ટ ૧૯૪૫ના દિવસે બીજો પરમાણુ બોમ્બ ઝીંકવામાં આવ્યો હતો. નાગાસાકીમાં ઝીંકવામાં આવેલા આ પરમાણુ બોમ્બના કારણે હજારો લોકોના મોત થઈ ગયા હતા. આ બે પરમાણુ બોમ્બ ઝીંકાતા જાપાનને આખરે શરણાગતિ સ્વીકારી લેવાની ફરજ પડી હતી. જાપાન ક્યારે પણ હિરોસીમાના હોરરનું પુર્નરાવર્તન ન થાય તેવા પ્રયાસ કરશે. જાપાનમાં આ બોમ્બ ઝીંકાયા બાદ હજુ પણ ઘણા વિસ્તારમાં તેની અસર જોવા મળી રહી છે.

શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

'અણવીત્યો અતીત' નવલકથાના લેખક કમલેશ્વરની નવલકથાઓ 'કાલી આંધી' અને 'આગામી અતિત' પરથી 'આંધી' અને 'મૌસમ' જેવી ફિલ્મો બની છે. હિન્દી કથા સાહિત્યમાં કમલેશ્વર નવીનતાનો પર્યાય મનાય છે. ૭ જાન્યુઆરી ૧૯૩૨ માં મૈનપુરી (ઉ.પ્ર) માં જન્મેલા એચ.એ. (હિન્દી), અલ્હાબાદ વિશ્વ વિદ્યાલયમાં શિક્ષણ મેળવી ચુકેલા કમેશ્વરે ૧૧ નવલિકા સંગ્રહ, ૧૧ નવલકથાઓ, ૨૦ અન્ય પુસ્તકો વિવેચન, યાત્રા વર્ણન અને આત્મકથાત્મક સંસ્મરણોનાં આપ્યો છે. પત્રકારત્વ, ફિલ્મો અને મીડિયા ક્ષેત્રે અભૂતપૂર્વ કામ કરનાર કમલેશ્વરને ઉત્તર પ્રદેશ હિન્દી અકાદમીનું શલાકા સન્માન, શિવપૂજન સહાય શિખર સન્માન, રાષ્ટ્રભાષા પરિષદ પટણા (બિહાર), અને (કેન્દ્રીય) સાહિત્ય અકાદમી પુરસ્કાર તેમજ ભારત ભારતી સન્માન પ્રાપ્ત થયું હતું. તેમનું નિધન ફેબ્રુઆરી ૨૦૦૭માં થયેલું.

૧૯૪૭ પછી રાજાશાહી યુગનું પતન, પર્યાવરણ, પક્ષીઓ સાથે પ્રેમ તથા સહજ માનવીય કોમળ સંબંધોની આ કથા ભાવકોને રસતરબોળ કરે તેવી છે.

અણવીત્યો અતીત (નવલકથા), મૂ. લેખક - કમલેશ્વર, અનુવાદ - સુરેન્દ્ર દોશી : હર્ષદ રાણા
પ્રકાશક - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨, કિંમત - રૂા. ૧૨૫, પૃષ્ઠ - ૧૦ + ૧૮૨

શિવજી નૃત્ય વિદ્યા...

● બીજા પાનાનું અનુસંધાન

ભગીરથ શિવની ઉપાસના કરે છે. ભગવાન પ્રગટ થતાં પિતૃઓના ઉધ્ધાર માટે આ કાર્ય કરૂં છું. તેમ કહે છે.

પરંતુ, ગંગાજીના અંતરમાં અભિમાન આવી ગયું તે શંકર મારા પ્રવાહને કેવી રીતે રોકી શકશે. હું ધસમસતી આવીશ. આથી શિવજીએ તેમનું અભિમાન દૂર કરવા ધસમતો બધો પ્રવાહ જટામાં સમાવી લીધો અને ગંગાજી એક બિંદુ સમાન બની ગયા. ગંગાજી જટામાં ક્યાંય દેખાતા નથી. ગંગાજી બહાર નિકળવા પ્રયત્ન કરે કો રસ્તો દેખાતો નથી અને ગંગાજીનું અભિમાન ચૂર થઈ ગયું. ભગીરથને ચિંતા થઈ ફરીથી શિવજીની ઉપાસના કરી તો ભગવાને એક ધારા રૂપે જટામાંથી બહાર કાઢે છે. અને ભગીરથ જ્યાં જાય ત્યાં પાછળ પાછળ જાય છે અને જ્યાં પિતૃઓ ભસ્મિભૂત થયા હતા ત્યાં જાય છે. ખોદેલ બધા ખાડાઓ પાણીથી ભરાઈ જાય છે. સગર પુત્રોએ ખોદેલ સાત ખાડા સમુદ્ર રૂપે સગરના નામ ઉપરથી સાગર કહેવાયા.

ભગવાનનું સ્વરૂપ મહાન કરતાં પણ મહાન છે. પૃથ્વીની મધ્યમાં સમુદ્રની પેલેપાર, સ્વર્ગથી પણ ઉપર આવી વ્યાપકતાનું ધ્યાન કરવામાં આવે તો તેની સામે એક જીવ તરીકે મારો વિચાર કરી શકું તો તુચ્છ જીવ આ વ્યાપકતામાં એક ટપકું પણ નથી. આમ વિચાર કરવાથી મારા મિથ્યા અભિમાનથી છૂટી શકું. જીવને કેટલા માન-પાન અને પૂજા માટેની આસક્તિ છે. મનના અહંકારની સામે પ્રભુની વ્યાપ